જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૪/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૫૧૩ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને એક મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૮,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૫/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૭૬/૧૫

**સાબરમતીઃ** સાબરમતી વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીએ તા.૨૪/૧૧/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સાથે મજુરી કામ કરતા આરોપી દીનાભાઇ યુનીયાભાઇ ભાભો (રહે.બીજલપુર ચોકડી કલ્યાણપુરા મધ્યપ્રદેશ) એ આજથી ચાર માસ પહેલા તા.૨૪/૬/૧૫ થી તા. ૨૦/૧૦/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન નિરમા કોલેજ નજીક તરૂણીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી એન સાધુ ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૭૭/૧૫

**કારંજઃ** મંગાબહેન પરેશભાઇ કટારા (ઉ.વ.૧૩)(રહે.વી.એસ.હોસ્પીટલ એલીસબ્રીજ) ને તા.૧૩/૧૧/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે લાલ દરવાજા ભદ્ર મંદિર નજીકથી આરોપી અકમલ મહમદ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મંગાબહેનના પિતા પરેશભાઈ કટારાએ તા.૨૪/૧૧/૧૫ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મદદનિશ પોલીસ કમિશનરશ્રી એસ.સી એસ.ટી.સેલ ચલાવે છે.

**સરદારનગરઃ** રિચલબહેન જયંતીભાઈ પરમાર (ઉ.વ.૧૭)(રહે.મહાજનીયાવાસ નરોડા પાટીયા સરદારનગર) ને તા.૨૧/૧૧/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી આશિષભાઈ પ્રવિણભાઈ પટેલ ( રહે. અમૃતાપાર્ક સોસાયટી સેન્ટ મેરી સ્કૂલની બાજુમાં નરોડા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રિચલબહેનની માતા રાધાબહેન પરમારે તા.૨૪/૧૧/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૮/૧૫**

**માધવપુરાઃ** ગીતાબહેન તે ભવરસિંહ રાજાવતની વિધવા પત્ની (રહે.છગનભાઈ ચંદની ખડકી તરગડાવાસ સ્વામિનારાયણ રોડ કાલુપુર) એ તા.૨૪/૧૧/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગીતાબહેનના પુત્ર ગજેન્દ્રસિંહ ઉર્ફે લકી એ આરોપી નરેન્દ્રભાઈ મીઠાભાઈ સોલંકી (રહે.મોટી હમામની પોળ ઘી કાંટા ) ની પુત્રી સાથે પ્રેમ લગ્ન કરેલ હોવાથી આરોપી નરેન્દ્રભાઈ તેમજ સગાઓએ ગજેન્દ્રસિંહને છુટાછેડા આપી દેવાની ધમકી આપતા ગજેન્દ્રસિંહએ મનમાં લાગી આવતા તા.૭/૯/૧૫ બપોરના ૪/૨૦ વાગ્યાના સુમારે ઈદગાહ સર્કલ પાસે મનસુખપુરાની ચાલી ખાતે આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ એન તાવિયાડ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૯/૧૫**

**ઓઢવઃ** મુરલીભાઈ ઉન્નીકૃષ્ણન નાયર (રહે.નિરલ ઈન્ટરસીટી સેન્ટમેરી સ્કૂલની બાજુમાં નિકોલ) એ તા.૨૪/૧૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૮/૧૫ થી તા.૧૪/૧૦/૧૫ સમયગાળા દરમ્યાન આરોપી આશિષ જસવંતભાઈ શાહ (રહે. સોમેશ્વર એપાર્ટમેન્ટ જયમાલા ચાર રસ્તા પાસે ઈસનપુર) ઓઢવ સરદાર પટેલ રીંગ રોડની બાજુમાં રાધેશ્યામ એસ્ટેટમાં કેરાલા ટાયર સર્વિસ નામની દુકાનેથી ખોટા ચેક આપી ટ્રકના ટાયરો કિમત રૂપિયા ૩,૮૭,૩૭૦/- લઈ જઈ નાણા નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એમ નિમાવત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૦/૧૫**

**ઓઢવઃ** રમેશલાલ વિરાજી માલવી (રહે.કમલપાર્ક અંબિકાનગર આપા હોટલ પાસે ઓઢવ) એ તા.૨૪/૧૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૧૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે અંબિકાનગર ગણેશચોક ચાર રસ્તા નજીકથી પત્ની પુષ્પાબહેનને મોટર સાયકલ પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) બે પુરૂષ પુષ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**ટ્રેનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૧/૧૫**

**સાબરમતીઃ** મહરસિંહ કમલેશભાઇ પંચાલ (ઉ.વ.૧૭) (રહે,વ્રજવિહાર સોસાયટી સુચન ચોકડી મકરપુરા વડોદરા) સાબરમતી રેલવે પાટા ઓળંગતા તા.૧૪/૧૧/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ટ્રેનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશ માનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)